| PUBLICATION NAME : | Gujarat Karobar |
|---|---|
| EDITION : | Ahmedabad |
| DATE : | 27/02/2025 |
| PAGE : | 02 |

# ઈડીઆઈઆઈ દ્વારા ઉદ્યોગ સાહસિકતા પર ૧૬મી દ્વિવાર્ષિક સંમેલનનું આયોજન

અમદાવાદ, : એન્ટરપ્રિન્યોરશિપ ડેવલપમેન્ટ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયા (ઈડીઆઈઆઈ), અમદાવાદની ૧૬મી દ્વિવાર્ષિક સંમેલન (૩-દિવસીય) ૨૬ ફેબ્રુઆરીએ સંસ્થાના પરિસરમાં શરૂ થઈ. 'ઉદ્યોગસાહસિકતા' પર આધારિત ત્રણ દિવસીય સંમેલન ૨૮ ફેબ્રુઆરીએ સમાપ્ત થશે. આ સંમેલન સંશોધકો, શિક્ષણવિદો અને અભ્યાસકર્તા માટે એક મંચ છે જેથી ઉદ્યોગસાહસિકતા વિકાસના વિવિધ ક્ષેત્રોમાં તેમના સંશોધન અભ્યાસો અને તારણો શેયર કરી શકે છે.



ઈડીઆઈઆઈ ૧૯૯૪થી ઉદ્યોગસાહસિકતા પર દ્વિવાર્ષિક સંમેલનનું આયોજન કરી રહ્યું છે.

સંમેલનને સંબોધતા, ડૉ. સુનિલ શુકલા, ડાયરેક્ટર જનરલ, ઈડીઆઈઆઈએ જણાવ્યું હતું કે, “દ્વિવાર્ષિક પરિષદ સતત વિશ્વભરના સંશોધકો અને શિક્ષકો માટે એક મંચ પૂરું પાડે છે, જેથી તેઓ તેમના વિચારો અને નવીનતાઓ શેર કરી શકે જે ઉદ્યોગસાહસિકતાની જટિલતાઓને સમજવા માટે મહત્વપૂર્ણ છે. અગ્રણી સંશોધકો અને શિક્ષકોને એક સાથે લાવીને, આ મંચ સંશોધન તારણોના પ્રસારને સરળ બનાવે છે, નવા દ્રષ્ટિકોણોને પ્રોત્સાહન આપે છે અને ઉદ્યોગસાહસિકના ભવિષ્યને આકાર આપે છે, આમ મહત્વાકાંક્ષી ઉદ્યોગસાહસિકોને સફળ થવા માટે જરૂરી જ્ઞાન સાથે સશક્ત બનાવે છે.”